## પતંગની દોરી માટે જોખમી કાચ રાખનાર બે ઝડપાયા

**બીલીમોરા** પોલીસની કાર્યવાહી નિયમોનું ઉલ્લંઘન કરનાર વેપારીઓમાં ફફડાટ

બીલીમોરા: ઉત્તરાયણ પર્વમાં પક્ષીઓ અને નાગરિકોની સુરક્ષાને ધ્યાને રાખી નવસારી જિલ્લા કલેક્ટર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો ભંગ કરનારા વેપારીઓ સામે બીલીમોરા પોલીસે લાલ આંખ કરી છે. પ્રતિબંધ હોવા છતાં દોરી માંજવા માટે જોખમી કાચનો જથ્થો અને દોરી અર્થે રાખવા બદલ બે શખ્સને ઝડપી પાડ્યા છે.

નવસારી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આદેશ આપવામાં આવ્યો છે કે પતંગની દોરી માંજવા માટે કાચ અથવા અન્ય ઘાતક પદાર્થોનો ઉપયોગ કરવો નહીં. આમ છતાં બીલીમોરામાં આ નિયમોનું ઉલ્લંઘન થતા પોલીસે ચેકિંગ હાથ ધર્યું હતું. જેમાં નાનું માવજી ચાલ અને ગોહરબાગમાં પ્રતિબંધિત વસ્તુઓ પકડાઈ હતી. જે અંતર્ગત બે શખ્સો સામે પોલીસે કમલપ્રસાદ શિવપ્રસાદ યાદવ (ઉં.વ.47, રહે., નાનું માવજી ચાલ, બીલીમોરા), સંદીપભાઈ બાબુભાઇ રાણા (ઉં.વ.40, રહે., ગોહ રબાગ, બીલીમોરા) સામે કાય દે સ રની કાર્યવાહી હાથ ધરી હતી. તેમની પાસેથી દોરી માંજવા માટે વપરાતો કાચ અને સંબંધિત સામગ્રી મળી આવી હતી.બીલીમોરા પોલીસની આ કાર્યવા હીથી નિયમોનું ઉલ્લંઘન ક રતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

## બાળકોને મારી નાખવાની ધમકી

**ડાંગના** કરંજડીમાં ધાર્મિક અને ગાવખળીની જમીન પરના દબાણો હટાવવા આવેદન

**પ્લોટધારકો** દ્વારા સ્કૂલના બાળકોને હેરાનગતિ અને ધાર્મિક જમીન પર ગેરકાયદે કબજાનો ગ્રામજનોનો આક્ષેપ

### ગ્રામજનોની ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી

કરંજડીના ગ્રામજનોએ માંગ કરી છે કે આ બંને ઈસમોના પ્લોટ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવે અને ગેરકાયદે થયેલા દબાણો હટાવી ‘ગાવખળી’ની જમીન ખાલી કરાવવામાં આવે. જો વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે, તો આગામી સમયમાં ગ્રામજનો ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી આપી રહ્યા છે.

સાપુતારાઃ ડાંગ જિલ્લાના આહવા તાલુકાના કરંજડી ગામે આવેલી ધાર્મિક મહત્વ ધરાવતી ‘ગાવખળી’ની જમીન પર થયેલા ગેરકાયદે દબાણો દૂર કરવાની માંગ સાથે ગ્રામજનોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે સરકારી રેકોર્ડમાં જે જમીન પ્રોટેક્ટ ફોરેસ્ટ અને ગાવખળી તરીકે અનામત છે, તેના પર પ્લોટ ફાળવી દઈ ગામની સુખાકારી જોખમાવવામાં આવી રહી છે.

ધાર્મિક આસ્થા અને ઈતિહાસ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, કરંજડી ગામના સર્વે નંબર 6 (જૂનો સર્વે નં. 3/1) વાળી જમીન છેલ્લા 60-70 વર્ષથી આદિવાસી રીતિ-રિવાજ મુજબ ધાર્મિક કાર્યો (જેમ કે ડોંગર દેવની પૂજા) અને ખેતીના પાકની કાપણી બાદ ખળી માટે ઉપયોગમાં લેવાય છે. આ જમીનનો અમુક હિસ્સો અગાઉ ગામના વડીલોએ શાળાની સ્થાપના માટે આપ્યો હતો.

1992માં શાંતીબેન લાલસિંગભાઈ યાદવને આ જમીન 7 વર્ષના ભાડાપટ્ટે ફાળવવામાં આવી હતી. જેનો સમયગાળો 1999માં પૂર્ણ થયો હોવા છતાં, પટ્ટો રિન્યુ કરાવ્યા વગર તેમના વારસદારોએ ત્યાં ત્રણ વધારાના ઘર બનાવી જમીન પચાવી પાડી હોવાનો ગ્રામજનોનો દાવો છે.

મૂળ ઝરી ગામના વતની સંપતભાઈ રાવજીભાઈ ચૌધરીએ 2012માં અહીં વસવાટ કર્યો હતો. આરોપ છે કે તેમણે કલેક્ટર સમક્ષ ખોટી રજૂઆતો કરી 182 ચો.મી.નો પ્લોટ મેળવ્યો છે. તેમની પોતાની જમીન નજીકમાં હોવા છતાં તેમણે શાળાને અડીને આવેલી આ જમીન પર કબજો જમાવી વધારાનું દબાણ કર્યું છે.

ગ્રામજનોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે સંપતભાઈ ચૌધરી શાળાના બાળકો અને શિક્ષકોને સતત હેરાન કરે છે. પંચાયત દ્વારા બનાવેલા હેન્ડપંપ પર પણ તેમણે કબજો કરી લીધો છે. જ્યારે બાળકો ત્યાં પાણી પીવા જાય છે, ત્યારે તેમને માર મારવામાં આવે છે. એટલું જ નહીં, બાળકોને હેન્ડપંપમાં ઝેરી દવા નાખી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવતી હોવાનું આવેદનમાં જણાવાયું છે. વાલીઓ જ્યારે પૂછપરછ કરવા જાય છે, ત્યારે તેમની સામે ખોટી પોલીસ ફરિયાદો કરી ત્રાસ આપવામાં આવે છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગ્રાહક જાગૃત ભારત યાત્રાના રથનું સ્વાગત



વલસાડ : દેશના ગ્રાહકોની જાગૃતિ માટેની એક ભારત યાત્રાનો રથ વિવિધ રાજ્યોમાં ફરી અમદાવાદથી વલસાડ આવ્યો હતો. આ પ્રસંગે વલસાડના પ્રેસિડન્ટ તરીકે જાહેર થયેલા કિર્તીબેન ભાંડુતિયા દ્વારા તેનું સ્વાગત કરાયું હતુ અને ગ્રાહકોની જાગૃતિ માટે તેમણે હાકલ કરી હતી. ઓલ ઇન્ડિયા કન્ઝ્યુમર કન્ફેડરેશન દ્વારા ગ્રાહકો સાથેની ઠગાઇ અટકાવવા દેશના 28 રાજ્યમાં ભ્રમણ થઇ રહ્યું છે. જેમાં તેઓ ગ્રાહકોના હકની વાત કરી રહ્યા છે. તેમના દ્વારા દેશની જનતા ને શુદ્ધ ખોરાક, જણાવ્યા મુજબના સોના-ચાંદીના ઘરેણાં તેમજ વિવિધ સેવાઓમાં થતી છેતરપિંડી અટકાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. જે અંગે તેઓ દેશની જનતાને જાગૃત કરી રહ્યા છે. આ માટે તેમના દ્વારા સંસ્થાના ચેરમેન ડો.અનંત શર્માના નેતૃત્વમાં એક રથ યાત્રાનું આયોજન કરાયું છે. જે રથયાત્રા ફરીને વલસાડ આવી હતી. વલસાડથી આ યાત્રા દમણ અને ત્યાંથી મુંબઇ જવા રવાના થશે. આ સંસ્થામાં વલસાડના મહિલા સામાજીક કાર્યકર કિર્તીબેન ભાંડુતિયાને વલસાડના પ્રમુખ તરીકે જાહેર કર્યા છે. જેમના અધ્યક્ષતામાં વલસાડમાં ગ્રાહકોની જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો થશે અને ગ્રાહકોની લડતમાં તેઓ સહભાગી બનશે. નગરપાલિકાના પ્રમુખ માલતીબેન ટંડેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પણ ગ્રાહકોની જાગૃતિ માટે આશા વ્યક્ત કરી તેમને સહભાગી થવાની વાત કરી હતી.

### પારડી વરિષ્ઠ નાગરિક મંડળનો 19 મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાયો




અમૃત પટેલ

પારડી : પારડીના ધીરુભાઈ નાયક હોલમાં વરિષ્ઠ નાગરિક મંડળ કિલ્લા પારડી દ્વારા 19 મો વાર્ષિક સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ નાગરિક મંડળ પારડીના પ્રમુખ નવનીત કે. દેસાઈએ મંડળ દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલા કાર્યક્રમો અને સેવાકીય પ્રવૃતિ અંગેનો અહેવાલ રજૂ કર્યો હતો. આ પ્રસંગે સમારંભના પ્રમુખ તરીકે ડો.ઉત્તમભાઈ પ્રજાપતિ, અતિથિ વિશેષ તરીકે ડો.ઈલાબેન ટી. દેસાઈ, ડો.હેમીલ ડી. પટેલ, બ્રહ્મકુમાર વિનુ પટેલ, ડો. પી.વી.ઠોસર ઉપસ્થિત રહ્યા હતા. વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ નવનીત દેસાઈ, ઉપપ્રમુખ રામસિંહ દેસાઈ, મંત્રી પ્રફુલ લાડ, ઉપપ્રમુખ મહેશ દેસાઈ, ખજાનચી દલપત ચાંપાનેરી, ભક્તિ માંપારા અને એમની ટીમે સ્નેહમિલન સમારંભને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે ડો.ઉત્તમ પ્રજાપતિ અને ડો. પી.વી.ઠોસરે વરિષ્ઠ નાગરિકોને સ્વસ્થ માટે શું કાળજી લેવી જે બાબતે માર્ગદર્શન આપ્યું હતું.આ પ્રસંગે ડો.લતેશ પટેલ. ડો.તપન દેસાઈ સહિત પારડીના આગ્રણી નગરજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### વાપીની આર. કે.દેસાઈ સાયન્સ કૉલેજમાં ગ્લો-ગ્લેમ એન્ડ ફ્રેગ્રેન્સ સ્પર્ધા યોજાઈ




વાપી : વાપીની આર.કે.દેસાઈ ગ્રુપ ઓફ કોલેજની સાયન્સ કોલેજમાં ગ્લો, ગ્લેમ એન્ડ ફ્રેગ્રેન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૭૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ કેમિસ્ટ્રી અને માઇક્રોબાયોલોજીના કોન્સેપ્ટનો ઉપયોગ કરી કેન્ડલ, સાબુ, પર્ફ્યુમ, એરફ્રેશનર, લિપ બામ, લિપસ્ટીક, ફેશવોશ જેવી પ્રોડક્ટ બનાવી હતી. આ પ્રોડક્ટ બનાવવા માટે તેમણે લેબના અમુક કેમિકલ અને અમુક કુદરતી વસ્તુઓ જેવી કે એલોવેરા, ગુલાબ, લીમડાનો ઉપયોગ કર્યો હતો. આ સ્પર્ધાના આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં રહેલી સર્જનાત્મકતા, નવીન વિચારો, ટીમવર્ક, આત્મવિશ્વાસ અને વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપવાનો હતો. થિયરી સુધી સીમિત ન રહી, કેમિસ્ટ્રી અને માઇક્રોબાયોલોજીના કોન્સેપ્ટને પ્રેક્ટિકલી લાગુ કરવાની તક, સ્ટાર્ટઅપ, આત્મનિર્ભરતા અને ઉદ્યોગ સાહસિકતા તરફ વિદ્યાર્થીઓને પ્રેરિત કરી તેઓના ભવિષ્ય માટે તૈયાર કરવાનો મુખ્ય ઉદ્દેશ હતો. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કોલેજના કેમ્પસ ડિરેક્ટર ડો મિત્તલ શાહ, પ્રિ.શીતલ ગાંધી અને કેમિસ્ટ્રી વિભાગના હેડ અને અધ્યાપક સુષ્મા ગવાઈ રહ્યા હતા.સંસ્થાના ચેરમેન મિલન દેસાઈ, કેમ્પસડિરેક્ટર ડો.મિત્તલ શાહ, આચાર્ય ડો.શીતલ ગાંધી તથા સુરભી ચૌધરીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

### ઉમરગામ સંજાણના રોહન ગુપ્તાની ઇન્ડિયન આર્મીમાં પસંદગી



ઉમરગામ : ઉમરગામ તાલુકાના સંજાણ ગામે જન્મેલા સંજાણ ઘીમસાં કાંકરિયા ખાતે વસવાટ કરતા એક નાનકડા પરિવારનો દિકરો રોહન હિરાલાલ ગુપ્તા સમગ્ર ઉમરગામ તાલુકાને ગૌરવ મળે એવી પોતાના લક્ષ્યાંક અને મહેનતથી ભારતીય સેનામા સ્થાન મેળવ્યુ છે. હાલ તે વલસાડની શાહ એન એચ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરી રહ્યો હતો. અભ્યાસ દરમિયાન એનસીસી સાથે જોડાયેલો હતો અન ભારતીય સેનાની ભરતી માટે સુરત સેન્ટર પર કોમ્પ્યુટર બેસ પરીક્ષા આપી ખુબ સારા ગુણે મેળવ્યા હતા. ત્યારબાદ સેનાની ભરતી માટે સૌથી કપરા ચડાણ એવા ફિઝિકલ ટેસ્ટની કસોટી રોહને હિંમતનગર સેન્ટર પર આપી ખુબ સારી રીતે પુર્ણ કરી હતી. બંને કસોટીઓ સફળતાપૂર્વક પુર્ણ કર્યા બાદ રોહનની ભારતીય આર્મીમા પંસદગી થઈ હતી. સમગ્ર ગામમાં ગર્વની લાગણી અનુભવી હતી. જેઓ હાલ આર્મીની ટ્રેનિંગ માટે નાસિક ખાતે આર્ટિલરી સેન્ટર નાસિક ખાતે શરૂઆત કરી દીધી છે.

## દમણમાં માર્ગ અકસ્માતમાં વાપીના વકીલ પુત્રનું મોત



**ખારીવાડમાં** રોંગ સાઇડ આવી રહેલી કારના ચાલકે સામેથી કારમાં આવી રહેલા વકીલ પુત્રને ટક્કર મારતા યુવાનનું મોત નીપજ્યું

### દમણ પોલીસની કાર્ય પદ્ધતિ સામે પરિવારમાં રોષ

ક્રિશનું મોત નિપજ્યા બાદ પોલીસ લાશને પોસ્ટમાર્ટમ માટે હોસ્પિટલ લાવી હતી. જ્યાં કાર્યવાહીમાં 9 થી 10 કલાક લીધા હોવાનો આક્ષેપ પરિવારે લગાવી દમણ પોલીસની કાર્યવાહી સામે રોષ વ્યક્ત કર્યો હતો અને જણાવ્યું હતું કે, જો આ ઘટના અધિકારીના પરિવારમાં કે ઉદ્યોગપતિના પરિવારમાં થઈ હોય તો આજ કાર્યવાહી ગણતરીના કલાકમાં જ થઈ ગઈ હોત. પરિવારે દમણ પોલીસને આરોપી વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરે તેવી માંગ કરી છે.

### મારા દીકરાનું માર્ગ અકસ્માતમાં મોત થયું નથી, તેની હત્યા કરાઈ છે : પિતા

પોતાના એકના એક વહાલસોયા દીકરા ક્રિશનું અકસ્માતમાં મોત નિપજતા પરિવારમાં શોકની કાલીમા પથરાઈ ગઈ હતી. સમગ્ર મામલે મૃતક ક્રિશના પિતા ધર્મેશ રાજપૂતે રોષ સાથે જણાવ્યું કે, રોંગ સાઇડથી આવી રહેલો સ્કોર્પિયોનો ચાલક કેયૂર રમેશ પટેલે દારૂના નશામાં કારને હંકારી મારા દીકરાની કારમાં અકસ્માત કરતા મોત નિપજ્યું છે. જે જોતા આ અકસ્માતે મોત નહીં પણ મારા દીકરાની હત્યા કરાઈ છે. સ્કોર્પિયો ચાલક કેયૂર પટેલ મોટો બુટલેગર છે . વર્ષ 2019 માં દારૂના ગુનામાં પકડાયો હતો.

દમણ : સંઘપ્રદેશ દમણમાં માર્ગ અકસ્માતમાં વાપીના વકીલ પુત્રનું મોત નિપજ્યું હતું. 4થી જાન્યુ.ના રવિવારે વહેલી સવારે વાપીના વકીલ સોનલબેન રાજપૂતનો પુત્ર ક્રિશ ધર્મેશ રાજપૂત કારમાં દમણ તરફ જઈ રહ્યો હતો. ખારીવાડ મુખ્ય રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે રોંગ સાઈડથી પૂરપાટ ઝડપે આવતી કારના ચાલકે ક્રિશની કારને ટક્કર મારતા ક્રિશને ગંભીર ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું. જ્યારે ટક્કર મારનાર કારના ચાલક કેયૂર પટેલ (રહે.વટાર)ને ઈજા પહોંચતા વાપીની હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઘટનાની જાણ દમણ પોલીસને થતાં જરૂરી કાર્યવાહી કરી મૃતકની લાશને મોટી દમણ હોસ્પિટલ ખાતે લઈ જવાઈ હતી. પુત્ર ક્રિશનો અકસ્માત થયો છે અને તેનું મૃત્યુ નિપજ્યું છે, તેવી જાણ મૃતક ક્રિશના માતા-પિતા તથા અન્ય પરિજનોને થતાં તેઓ તુરંત દમણ પહોંચી ગયા હતા. જ્યાં હોસ્પિટલ ખાતે કરૂણાંતિકા ભર્યા દ્રશ્યો સર્જાયા હતા. હાલ તો દમણ પોલીસે આ મામલે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

## નોટિસ આપી મોઢું બંધ ! બ્લોક કાંડને દબાવવાનો ખુલ્લો પ્રયાસ

**નવસારી** મનપાએ ખુલાસો માગ્યાનું નાટક કર્યો, પરંતુ શું જવાબ આવ્યો અને કોની સામે શું કાર્યવાહી થઈ તે અંગે મૌન

**દોષિતોને** બચાવવા આખું પ્રકરણ ફાઈલોમાં દબાવી દેવામાં આવ્યું છે. ટેમ્પો ન ફસાયો હોત તો શું આ કાંડ ક્યારેય બહાર આવત?

### જવાબદારીની વાતો કરનાર તંત્ર અહીં નિષ્ફળ

નાગરિકોમાં રોષ છે અને પ્રશ્નો છે. પારદર્શિતા અને જવાબદારીની વાતો કરનાર તંત્ર અહીં નિષ્ફળ સાબિત થયું છે. લોકો સ્પષ્ટ માંગ કરે છે નોટિસ બાદ મળેલા ખુલાસાની નકલ જાહેર કરો, જવાબદાર અને લાભાર્થીના નામ બહાર લાવો, કઈ કાર્યવાહી થઈ તે સ્પષ્ટ કહો નહીં તો આ પ્રકરણ ‘નોટિસ રાજ’નું જીવતું ઉદાહરણ બની રહેશે અને નવસારીના વહીવટ પર કાયમી કલંક લગાવશે.

નવસારી : નવસારીમાં સરકારી મિલકતની હેરાફેરીનો જે કાંડ બહાર આવ્યો, તે માત્ર બેદરકારી નહીં પરંતુ વ્યવસ્થિત દુરુપયોગની ગંધ આપે છે.

નવસારી મહાનગરપાલિકાના ટેમ્પા મારફતે રાત્રિના સમયે સરકારી બ્લોકો શહેરની હદ બહાર ખાનગી સ્થળે ઉતારવામાં આવ્યા પુરાવા સામે આવ્યા, ટેમ્પો ફસાયો અને તેને બહાર કાઢવા પાલિકાની જ JCB દોડી આવી. સરકારી વાહન, સરકારી સામગ્રી અને સરકારી મશીનરી ત્રણેનો ખાનગી હેતુ માટે ખુલ્લેઆમ ઉપયોગ થયો. છતાં પરિણામ શું? સજા નહીં, FIR નહીં, સસ્પેન્શન નહીં ફક્ત નોટિસ!

પાલિકાએ જવાબદારને નોટિસ ફટકારી “ખુલાસો માગ્યો” હોવાનું જાહેર કર્યું. પરંતુ ત્યારબાદ શું થયું? ખુલાસો આવ્યો કે નહીં તે જાહેર નથી. આવ્યો હોય તો તેમાં શું લખ્યું તે ગુપ્ત. તે સંતોષકારક માનવામાં આવ્યો કે નહીં તે પણ અજાણ. અને જો દોષ સાબિત થયો હોય તો કોની સામે શું કાર્યવાહી થઈ તે અંગે સંપૂર્ણ મૌન. આ વહીવટ નહીં, ખુલ્લેઆમ કાંડ દબાવવાની રણનીતિ છે.

સરકારી મિલકતનો ખાનગી ઉપયોગ સીધો ગુનો છે. આવા કિસ્સામાં ફોજદારી કાર્યવાહી, જવાબદારનું સસ્પેન્શન અને સરકારી નુકસાનની વસૂલાત ફરજિયાત બને છે. પરંતુ અહીં નિયમો કાગળ પર જ રહી ગયા. “ખુલાસો માગ્યો” કહી સમય કાઢવો અને પછી મૌન પાળી દેવું આ જ જો ન્યાય હોય, તો કાયદો કોના માટે? આ મૌન સૌથી મોટો આરોપ છે. જો બધું કાયદેસર હતું, તો અહેવાલ જાહેર કેમ નથી? જો દોષિત સામે પગલાં લેવાયા, તો તેનું જાહેરનામું ક્યાં છે? અને જો કંઈ જ ન થયું, તો એનો અર્થ એક જ દોષિતોને બચાવવા આખું પ્રકરણ ફાઈલોમાં દબાવી દેવામાં આવ્યું છે. ટેમ્પો ન ફસાયો હોત તો શું આ કાંડ ક્યારેય બહાર આવત? અને બહાર આવ્યા પછી પણ જો સજા નથી, તો આવતીકાલે આવા કાંડ વધશે જ એ નક્કી.

## સંક્ષિપ્ત સમાચાર

### બીલીમોરા કોળી પટેલ સમાજના પસંદગી મેળામાં ૨૧૪ વિવાહ વાંચ્છુકોઓની દાવેદારી



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરા વિભાગ કોળી સમાજનો સિલ્વર જ્યુબિલિ જીવનસાથી પસંદગી મેળો યોજાયો હતો. જેમાં સમાજના વિવાહ વાંચ્છુક ૧૮૩ યુવકો અને ૩૧ યુવતીઓએ જીવનસાથી પસંદગી માટે દાવેદારી કરી હતી. લગ્ન વાંચ્છુક યુવક-યુવતીના ફોટા, બાયોડેટા સાથેની પુસ્તિકાનું વિમોચન કરી સમાજની વેબસાઈટ ઉપર આંગળીના ટેરવે જોઈ શકાય એવી માહિતી ઉપલબ્ધ કરે છે. આ માટે પ્રમુખ રમણભાઇ પટેલ, દિવ્યેશ પટેલ, શૈલેષભાઈ પટેલ, હીનાબેન પટેલ, બાબુપટેલ, રણછોડ પટેલ, મેરેજ સમિતિ કન્વીનર મહેશ પટેલની સહિત ટીમ સતત ઝઝૂમી રહી છે. કથાકાર મેહુલ જાનીએ સમાજની પરંપરા, સંગઠન શક્તિ જાળવી રાખવા અપીલ કરી હતી. આ પ્રસંગે બાબુભાઇ પટેલ, કૃપા જાની ઉપસ્થિત રહ્યા હતા. ડોક્ટર, ઇજનેર, ફાર્મસી જેવી વિવિધ ફેકલ્ટીના અભ્યાસુ યુવક-યુવતીઓ અને લગ્નવાંચ્છુકોના પરિવારે અનુરૂપ પાત્ર પસંદગી માટે પરિચય મેળા બાદ અરસપરસ બેઠકો યોજી હતી. સભા સંચાલન ફાલ્ગુની પટેલ અને સારીકા પટેલે કર્યું હતું.

### ઘોલારથી ખેરના લાકડાનો જથ્થો ઝડપાયો




ધર્મેશ પટેલ

ઘેજ : ચીખલી વન વિભાગના સ્ટાફે ઘોલાર ગામેથી ૨૬,૫૦૦ રૂપિયાનો ખેરના લાકડાનો જથ્થો ઝડપી પાડી બે સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત મુજબ વન વિભાગના સ્ટાફે ઘોલાર ગામેથી પાસ પરમીટ વિના પીકઅપ ગાડી નંબર એમ એચ ૧૫ એ જી ૨૨૬૮ માંથી ખેરના લાકડાના ટુકડા નંગ ૨૨ ઘન મીટર ૦.૭૬૭ નો ૨૬,૫૦૦ રૂપિયાનો જથ્થો ઝડપી પાડી સાથે ઉપરોક્ત પીકઅપ વાહન કબજે કરી ઘોલારના ખેડૂત ખાતેદાર પ્રકાશ રમણભાઈ પટેલ તથા અગાસીના વેપારી નિકુંજભાઈ સહિત બે જેટલા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

### પારડીના સુખલાવમાં વૃદ્ધાનું મોત નીપજ્યું

પારડી : પારડી તાલુકાના સુખલાવમાં વૃદ્ધ દંપતિ છૂટક મજૂરી કામકાજ કરે છે અને તેઓને કોઈ સંતાન નથી. સંતાન ન હોવાથી વૃદ્ધા ટેન્શનમાં જ રહેતી હતી. સોમવારે માર્ગ પરથી પસાર થતી વેળા અચાનક પડી જતા મોત નિપજ્યું હતું. પારડી પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સુખલાવ ગામે ભોય ફળિયામાં પ્રમોદ છીબુ પટેલ (ઉં.39) અને પરિવાર તથા ફળિયામાં જ તેની કાકી સોનાબેન દિલિપ પટેલ (ઉં.આ.60) સાથે રહે છે. સોનાબેન તથા પતિ દિલિપભાઈ બંને છૂટક મજૂરી કામકાજ કરે છે અને તેઓને કોઈ સંતાન નથી જેને લઈ તેઓ ટેન્શનમાં જ રહેતી હતી. તા.5-1-26 ના રોજ સોનાબેન બપોરના સમયે સુખલાવ, સ્કુલ ફળિયા, કોથરખાડી, સ્મશાન ભૂમિ જવાના માર્ગ ઉપર અચાનક પડી ગયા હતા. જેથી ગામના લોકો ભેગા થઈ ગયા હતાં. જોકે, ત્યાં સુધીમાં તેનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ ભત્રીજા પ્રમોદ પટેલે પારડી પોલીસ મથકમાં કરી હતી.

## મોહનગામ પાલી ખાતે કાર અડફેટે 10 વર્ષની બાળકીનું મોત

**પરિવાર** દરગાહમા દર્શન કરીને ડુંગર ઉપરથી નીચે ઉતરી રહ્યો હતો ત્યારે ઘટના બની

ઉમરગામઃ ઉમરગામના મોહનગામ પાલી ખાતે શહેનશાવલી દરગાહમા દર્શન કરીને પરત ડુંગર ઉપરથી નીચે ઉતરી રહેલા પરિવારને કારે અડફેટે લેતાં એક 10 વર્ષની બાળકીનું મોત થયું હતું, જ્યારે બેને ઈજા પહોંચી હતી.

મૂળ યુપીના અને હાલમાં દમણ ઘાંચીવાડ ખાતે રહેતા સદામહુસેન આલેહસન સૈયદ ચાલીમાં રહેતા મિત્ર શાનુ અને તેની પત્ની ગુલાબશા અને તેનો એક છોકરો નામે શાહનવાજ અને તેની બે છોકરી જેનબ શાનુ (ઉં.વ.10) અને જેનફ શાનુ તેમજ અન્ય ચાલીમાં રહેતા લોકો સાથે ભંડારવાડ ફળિયા ડુંગર ઉપર મોહનગામ પાલી ગામ ખાતે આવેલા શહેનશાવલી દરગાહમા ફૂલ ચઢાવવા દર્શન કરવા ગુરુવારે ગયા હતા અને દર્શન કરીને બપોરે ઘરે પરત આવવા ડુંગર ઉપરથી નીચે ઉતરી રહ્યા હતા, તે વખતે એક મહિન્દ્રા કંપનીની XUV-3XO કાર (નં. જી જે 15 સીઆર 0982) ના ચાલક મકબુલ વલી ઉલ્લાહ શેખ (રહે., છરવાડા, વાપી)એ પોતાની કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ગુલાબસાને ટક્કર મારી આગળ ચાલતી આફરીન જેનબ શાનુને અડફેટે લીધી હતી.

જેમાં તેને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર અર્થે સરકારી હોસ્પિટલ દમણ ખાતે લઈ ગયા હતા જ્યાં અને આ બનાવ અંગે ભિલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

### નવસારીમાં સવારે ભારે ભેજ, બપોરે ગરમી

નવસારીઃ નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU)ના હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા બે દિવસ દરમિયાન નવસારી જિલ્લામાં હવામાન સામાન્ય રીતે સ્થિર રહ્યું છે.

તા. ૦૫/૦૧/૨૦૨૬ના રોજ મહત્તમ તાપમાન ૩૧.૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૭.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સવારે ભેજનું પ્રમાણ ૯૦ ટકા રહ્યું હતું, જ્યારે સાંજના સમયે ૪૬ ટકા નોંધાયું હતું. આ દિવસે પણ ઉત્તર-પૂર્વ દિશાનો પવન ૩.૭ કિમી પ્રતિ કલાકની ગતિએ ફૂંકાતો રહ્યો હતો.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ સવારે વધુ ભેજ અને બપોર બાદ વધતું તાપમાન આરોગ્ય માટે સાવચેતી રાખવા સૂચવે છે.

**જનતાની સુવિધા માટે નિર્મિત સીસી રોડમાં ભ્રષ્ટાચાર આચરાયાની ફરિયાદ**

## બારીપાડામાં સીસી રોડના કામમાં લોલમલોલ

**નિયમોને** નેવે મૂકી મોટા પથ્થરોનો ઉપયોગ કરાયો

**સરકારી** નાણાંનો ધુમાડો થતાં ભ્રષ્ટાચારી કોન્ટ્રાક્ટર સામે કડક કાર્યવાહીની ગ્રામજનોની ઉગ્ર માંગ



ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા તાલુકા પંચાયત હેઠળ આવતી બારીપાડા ગ્રુપ ગ્રામ પંચાયતમાં વિકાસના કામોમાં ચાલતી લાલીયાવાડીનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગામમાં તાજેતરમાં જનતાની સુવિધા માટે નિર્મિત સીસી રોડમાં સરકારી ધારાધોરણોનો ભંગ કરી મોટાપાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે.

સામાન્ય રીતે સીસી રોડની મજબૂતી માટે સરકાર નિર્ધારિત ચોક્કસ કદની કપચી (ચિપ્સ) અને સિમેન્ટનું યોગ્ય મિશ્રણ વાપરવું અનિવાર્ય છે. જોકે, બારીપાડામાં કોન્ટ્રાક્ટર અને વહીવટી મિલીભગતથી વધુ નફો મેળવવાના આશયે ગુણવત્તા સાથે ગંભીર બાંધછોડ કરવામાં આવી છે. અહીં નિયમ મુજબની કપચીના બદલે રસ્તાના પાયામાં જ મોટા પથ્થરના ગોટા નાખી દેવામાં આવ્યા છે, જેના કારણે રોડનું ઉપરનું પડ આકર્ષક દેખાય છે પણ અંદરનું માળખું અત્યંત નબળું રહી ગયું છે.

તકનીકી ખામી અને જોખમ તકનીકી દ્રષ્ટિએ, જ્યારે કોંક્રિટના કામમાં કપચીના સ્થાને મોટા પથ્થરો વપરાય છે, ત્યારે સિમેન્ટ પથ્થરો વચ્ચે યોગ્ય પકડ જમાવી શકતું નથી. આ નબળા બાંધકામને કારણે ટૂંકા સમયમાં જ રસ્તો બેસી જવાની, તિરાડો પડવાની કે ગાબડાં પડવાની પૂરી શક્યતા છે.

ગ્રામજનોએ કામ ચાલતું હતું ત્યારે પણ વિરોધ કર્યો હતો, પરંતુ તંત્રની રહેમનજર હેઠળ કોન્ટ્રાક્ટરે પોતાની મનમાની ચાલુ રાખી હતી.

### ટેકનિકલ તપાસ અને લેબ ટેસ્ટિંગ કરાવવાની માગ

સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને જાગૃત નાગરિકોએ આ મામલે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તૈયારી કરી છે. ગ્રામજનોની માંગ છે કે આહવા તાલુકા વિકાસ અધિકારી (TDO) અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કામની તાત્કાલિક ટેકનિકલ તપાસ અને લેબ ટેસ્ટિંગ કરાવવામાં આવે. લોકોનું કહેવું છે કે જો આ કૌભાંડમાં સંડોવાયેલા કોન્ટ્રાક્ટર, સરપંચ અને બેદરકાર એન્જિનિયરો સામે કડક પગલાં નહીં લેવાય, તો સરકારી નાણાંનો વ્યય થતો રહેશે અને ગ્રામીણ જનતા ટકાઉ સુવિધાઓથી વંચિત રહી જશે.


## જાહેર નોટીસ

મોજે : પરૂજણ તા.જલાલપોર, જી.નવસારીની સીમમાં જુનો બ્લોક નં.૨૨૧ નો નવો બ્લોક નં.૨૪૬ જેનો સીટી સર્વે નંબર NA 246 સીટી સર્વે શીટ નંબર NA 99 પૈસા પૈકી વરાડે પડતો વાળી જુની શરતની બીનખેતીની જમીનના માલીક **ભરતભાઈ મોહનભાઈ દેસાઈ**ના એ તેઓની સ્વતંત્ર માલીકીની તથા કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલ એ સદરહું જગ્યા ખરીદી કરવાના હોય.સદર બીનખેતીની જમીનના હમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માટે તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. જેથી ઉપરોક્ત જમીનમાં અન્ય કોઈના કોઈપણ - પ્રકારના લાગભાગ, દરદાવો, હક્ક, હિસ્સો, હિત, સબંધ, ગણોત હક્ક, દરમેલ હક્ક, ખાધાખોરાકી યા લીયનનાં હક્કો યા ઈઝમેન્ટનાં હક્કો યા બેંક, મંડળી, સંસ્થા, રાજ્ય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય તો તેમણે આધારભૂત લેખીત પુરાવા સહિત આ નોટીશ - સિધ્ધિ થયેથી દિન ૭ માં હમોને લેખીતમાં જાણ કરવી. જો નિયત સમયમાં કોઈપણ - પ્રકારની રજુઆતો કરવામાં નહિં આવશે તો મુદત વિતે હમો ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું. ત્યારબાદ ઉપરોકત જણાવેલ મિલકત અંગે ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

**ભાવિક બી. શ્રીમાળી - એડવોકેટ**
૧૦૭, રામજી પાર્ક, મારૂતિનગર, વિજલપોર, તા. નવસારી શહેર, જી. નવસારી. મો.નં. 9978475944